**ઔદ્યોગિક ન્યાયપંચના પ્રમુખ અધિકારીશ્રી બી.એન.પરમાર સમક્ષ,**
**અમદાવાદ**
**રેફરન્સ (આઈ.ટી.) નં.૨૮૪/૨૦૧૪**

**પ્રથમ પક્ષકાર:** વિભાગીય નિયામકશ્રી,
એસ.ટી.,અમદાવાદ.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર:** મંત્રીશ્રી,
એસ.ટી. કર્મચારી મંડળ,
વાહન વ્યવહાર કચેરી,ગીતામંદિર રોડ,
આસ્ટોડીયા, અમદાવાદ–૨૨.

**હાજર રહયા:** પ્રથમ પક્ષકાર તરફે :– વિ. વકીલશ્રી સી.એસ.નાયડુ એસોસીયેટસ.
બીજા પક્ષકાર તરફે:– વિ.વકીલ શ્રી વી.એ.રાજદેવ.

**–: એ વો ર્ડ :–**

**(૧)** સદર રેફરન્સ નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદના તારીખ: ૨૮–૧૧–૨૦૧૪ નાં હુકમ ક્રમાંક:કે.એચ.એચ.એસ.એમ.સી./આર/ક/૩૩૩૩૭/આઈડીઆર/એજે/ ૩૬૪/૧૪ ધ્વારા હુકમની અનુસૂચિ મુજબની ઔધ્યોગિક તકરાર અત્રેના ઔધ્યોગિક ન્યાયપંચને ન્યાય નિર્ણય કરવા માટે સુપ્રત કરવામાં આવેલ છે. સદર વિવાદની અનુસૂચિ નીચે મુજબ છે.

**–: અ નુ સૂ ચિ :–**

**એસ.ટી.કોર્પોરેશન અમદાવાદ વિભાગના વિરમગામ ડેપોના ડ્રાયવર શ્રી કેદારભાઈ સોમાભાઈ રાઠોડ(બેજ નં.૩૬૮૭૬)૧૮૦ દિવસ પુરા કર્યેથી ટાઈમ સ્કેલ ઉપર લેવા તેમજ ૨૪૦ દિવસ પુરા કરેલ હોય તે દિવસથી કાયમી ગણીમળવાપાત્ર તમામ આર્થિક લાભો ચુકવી આપવા કે કેમ ?**

**(૨)** આ કામે આંક–૮ થી બીજા પક્ષકાર તરફે વિધ્વાન વકીલ શ્રી વી.એ.રાજદેવનું વકીલાતનામું રજુ કરેલ છે.

(૩) આંક–૧૦ થી પ્રથમ પક્ષકાર તરફે વિ.વકીલ શ્રી સી.એસ.નાયડુ એસોસીએટસનું વકીલાત નામું રજુ કરેલ છે.

(૪) આંક–૯ થી બીજા પક્ષકાર તરફે માંગણાનું નિવેદન રજુ થયેલ છે જેમાં થયેલ રજુઆતો ધ્યાને લેવામાં આવે તો રજુઆત છે કે, સંબંધીત કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કન્ડકટર તરીકે તા.૧૮–૩–૧૯૯૫ ના રોજ બાવળા ડેપો ખાતે હાજર થવાનો હુકમ આપતા સબંધીત કામદાર તા.૨૫–૩–૯૫ ના રોજ બાવળા ડેપો ખાતે હાજર થયેલ. ત્યારબાદ ચોમાસાને કારણે તેઓને છુટા કરેલ. અને દિવાળી બાદ નવેમ્બર–૯૫ માં ફરજ પર લેતાં તા.૧–૧૧–૯૫ ના રોજ તેઓ અમદાવાદ ડેપો ખાતે હાજર થયેલ.આમ ઉપર મુજબ ગણતરી કરતા માહે મે–૧૯૯૬ માસમાં ૧૮૦ દિવસ અને જુલાઈ–૧૯૯૬ માસમાં ૨૪૦ દિવસ સળંગ નોકરીના થાય છે.આમ, ઉપર મુજબની સત્ય પરિસ્થિતિ હોવા છતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ મે–૧૯૯૬ માં ટાઈમ સ્કેલ પર નહી મુકતાં તા.૩૧–૦૮–૨૦૦૦ ની તારીખથી ટાઈમ સ્કેલ પર મુકેલ છે,અને લાંબા ગાળા સુધી બદલી કામદાર તરીકે કામ લીધેલ અને દૈનિક વેતન ચુકવવામાં આવતુ હતું.અને કાયમી પ્રકારની ખાલી જગ્યા ઉપલબ્ધ હોવા છતાં ફકત કાયમી કર્મચારીઓને મળતા લાભો, સેટલમેન્ટ અને કાયદા અન્વયે મળતાં અધિકારો ન આપવા પડે તે માટે પ્રથમ પક્ષકાર સંસ્થાએ જાણીબુઝીને આટલા વર્ષોથી સંબંધિત બીજા પક્ષકાર કામદાર ખાલી જગ્યા ઉપર કામ કરતા હોવા છતાં લાંબા સમય સુધી ટાઈમ સ્કેલ ઉપર લેવામાં આવેલ નથી અને કાયદેસરનાં મળવાપાત્ર અધિકારોનું તેઓને ખુબજ મોટું આર્થિક નુકશાન ગયેલ છે. કર્મચારીને દાખલ તારીખથી ૧૮૦ દિવસ પુરા થયેથી કાયમી કર્મચારી તરીકે ગણી અને કાયમી કર્મચારીને મળતા તમામ આનુષાંગિક લાભો પાછળની અસરથી તફાવતની રકમ સહીત ૧૮ ટકા વ્યાજ સહીત કોર્પોરેશન ચુકવી આપે તેવી બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં રજુઆત કરેલ છે.

વધુમાં સંબંધિત કામદારની રજુઆત છે કે, તેઓને ટાઈમસ્કેલના લાભો આશરે આશરે ચાર વર્ષ મોડા મળવા પામેલ છે, અને તેઓને મજકુર સમયગાળાના ઈજાફાઓ પણ મળવા પામેલ નથી. આ સિવાય કોઈ લાભો આપવામાં આવેલ નથી. આમ, કોર્પોરેશનનું પગલું સેટલમેન્ટ અને નીતિ નિયમોથી વિરૂધ્ધનું હોઈ ખોટું અને ગેરકાયદેસર હોવાની રજુઆત છે. વધુમાં રજુઆત છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા અને માન્ય યુનિયનો વચ્ચે થયેલ સમાધાનની જોગવાઈઓ મુજબ કામદાર સંસ્થામાં ૧૮૦ દિવસની કામગીરી પૂર્ણ કરે તે દિવસથી તેને ટાઈમ સ્કેલ ઉપર લેવા જોઈએ અને કાયમી કર્મચારીને મળવાપાત્ર લાભો જેવા કે પગાર, મોંઘવારી, ઘરભાડું, હકકરજા, ઈજાફો વગેરેનાં લાભો મળવાપાત્ર થાય. વધુમાં રજુઆત છે કે, સંબંધિત કામદારે ૧૮૦ દિવસની નોકરી પુરી કરેલ છે અને સંબંધિત કામદારની ભરતી ખાલી જગ્યાઓ સામે કરવામાં આવેલ તેમજ સંબંધિત કામદારની ભરતી થઈ તે પહેલા સંસ્થામાં ઘણાં વર્ષોથી કામદારોની ભરતી કરવામાં આવેલ ન હતી અને અગાઉ જે કાયમી કામદારો નિવૃત થવાથી અથવા મૃત્યુ થવાથી તેમજ અન્ય રીતે કાયમી ખાલી જગ્યાઓ ઉભી થયેલ જે ખાલી જ રાખવામાં આવેલ અને તે કારણોસર સંબંધિત કામદારને કાયમી થવાનો લાભ મળેલ ન હતો અને તેના કારણે સંબંધિત બીજા પક્ષકાર કામદારને આશરે ચાર વર્ષ બાદ ટાઈમ સ્કેલ ઉપર લેવામાં આવેલ જે સંસ્થાનું પગલું અન્યાયી અને ગેરકાયદેસર, કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો વિરૂધ્ધનું તેમજ કોર્પોરેશનનાં સમાધાન અને નીતિ નિયમોથી વિરૂધ્ધનું હોવાની રજુઆત કરેલ છે અને દાદ માંગેલ છે કે, સંબંધિત તમામ કામદાર દાખલ થયા ત્યારથી ૧૮૦ દિવસનું કામ પૂર્ણ કરેલ હોય તે તારીખથી તેઓને ટાઈમ સ્કેલ ઉપર લેવા અને ૨૪૦ દિવસનું કામ પૂર્ણ કરેલ હોય તે દિવસથી કાયમી ગણી કાયમી કર્મચારીને મળતા તમામ લાભો ઈજાફા તેમજ અન્ય તમામ આનુસંગિક લાભો સહીત પ્રથમ પક્ષકાર સંસ્થાએ ભરપાઈ કરી આપવા અને અરજીનો ખર્ચ આપવા રજુઆત થયેલ છે.

(૫) આંક–૧૧ થી પ્રથમ પક્ષકાર તરફે લેખીત જવાબ રજુ થયેલ છે, જેમાં માંગણાનાં નિવેદનની તમામ વિગતો સાચી અને ખરી નથી અને પ્રથમ પક્ષકારને તે કબુલ મંજુર નથી તેમ ઉલ્લેખ કરી સત્ય હકીકતે જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા તે ગુજરાત સરકારનું સાહસ છે અને જાહેર જનતાને ટ્રાન્સપોર્ટેશન બાબતે પુરતી સગવડ મળી રહે તે માટે ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં રોકાયેલ નિગમ છે. બીજા પક્ષકાર કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી કરે છે અને સંસ્થાનાં નીતિ નિયમો કામદારને લાગુ પડે છે અને તેમને બંધનકર્તા છે. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી જગ્યાઓ નકકી થયેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં કર્મચારીને પ્રથમ બદલી કામદાર તરીકે નિમણુંક આપવામાં આવે છે અને બદલી કામદારની એક વર્ષની કામગીરી પૂર્ણ થયેથી તેઓની કામગીરી/વર્તણુંક ધ્યાનમાં લઈ રોજમદારની ખાલી જગ્યા ઉપર લેવામાં આવે છે. વધુમાં રજુઆત છે કે, રોજમદાર તરીકે ૧૮૦ દિવસની સંતોષકારક કામગીરી પૂર્ણ થયેથી સંસ્થાની કાયમી ખાલી જગ્યા ઉપલબ્ધ હોય તેવી જગ્યાઓ ઉપર ટાઈમ સ્કેલ ઉપર લેવામાં આવે છે. આ બાબતે સંસ્થા અને સંસ્થામાં કાર્યરત માન્ય યુનિયનો સાથે અવારનવાર સમાધાનો થયેલ છે અને સંસ્થા ધ્વારા જયારે કાયમી જગ્યા ખાલી પડે ત્યારે બીજા પક્ષકારોને સંસ્થાએ ટાઈમ સ્કેલ પર લીધેલ છે. જે તે સમયે સંસ્થામાં કાયમી જગ્યા ખાલી ન હોઈ સમાધાનની જોગવાઈઓ મુજબ બીજા પક્ષકારને ટાઈમ સ્કેલ અંગેનો લાભ મળવાપાત્ર થતો નથી. વધુમાં રજુઆત છે કે, ભરતી અંગેની પ્રક્રિયા થયા બાદ તા.૨૩–૧–૮૪ નાં સેટલમેન્ટની આઈટમ નં.૨૯ અનુસાર પ્રતિક્ષાયાદી ઉપરથી ત્રિસ્તરીય ધોરણેએટલે કે પ્રથમ બદલી કામદાર તરીકે નિમણુંક ત્યારબાદ બદલી કામદાર તરીકે ખરેખર કરેલ કામગીરીમાં એક વર્ષ પુરૂ થયે કામગીરી/વર્તણુંક લક્ષમાં લઈને રોજમદાર તરીકે ખાલી જગ્યા સામે લેવા અને રોજમદાર તરીકે ખરેખર કામગીરીનાં ૨૪૦ દિવસ પુરા થયે કામગીરી/વર્તણુંક લક્ષમાં લઈ ટાઈમ સ્કેલ ઉપર ખાલી જગ્યા સામે લેવા અંગેનાં ધોરણે નિમણુંક

આપવામાં આવેલ છે. વધુમાં રજુઆત છે કે, સંસ્થાનાં માન્યતા પ્રાપ્ત યુનિયનો સાથે થયેલ સમાધાન મુજબની જોગવાઈઓ અનુસાર બીજા પક્ષકાર કામદારને ખાલી જગ્યા સામે ટાઈમ સ્કેલમાં મુકવામાં આવેલ છે અને તે મુજબનાં લાભો આપવામાં આવેલા જ છે. વધુમાં રજુઆત છે કે સદર કેસમાં બીજા પક્ષકાર કામદારે આ રેફરન્સ ખુબ જ મોડો એટલે કે સને ૨૦૧૪ માં કરેલ હોઈ રેફરન્સ રદ થવાને પાત્ર હોવા અંગે અને બીજા પક્ષકાર કામદારે માંગેલ તમામ દાદ મેળવવા કામદાર હકકદાર થતા ન હોઈ રેફરન્સ રદ કરવાનો હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૬) આંક–૧૩ થી બીજા પક્ષકાર તરફે નીચે મુજબનાં દસ્તાવેજો રજુ થયેલ છે જેને આંક નં.૧૪ થી આંક નં.૪૭ આપવામાં આવેલ છે.

| ક્રમ | આંક નં. | દસ્તાવેજની વિગત | હાજર દિવસો | કુલ દિવસો |
|---|---|---|---|---|
| ૧ | ૧૪ | લેબર સેટલમેન્ટ નં.૯ તા.૨૧–૧૨–૮૯ કલમ–૨૦ સાથે | | |
| ૨ | ૧૫ | પરિપત્ર નં.૯૦૪, તા.૨૧–૧૧–૮૧. | – | – |
| ૩. | ૧૬ | બાવળા ડેપોનો પ્રથમ નિમણુંકપત્રતા.૧૯–૧૦–૨૦૦૦ | – | – |
| ૪. | ૧૭ | અમદાવાદ ડેપોનો ઓર્ડર નંબર ૯૦૭ તા.૨–૭–૯૬ | | |
| ૫. | ૧૮ | ટાઈમ સ્કેલ ઉપર મુકવાનો હુકમ નં.૯૯૫, તા.૧૭–૧૦–૨૦૦૦ | | |
| ૬ | ૧૯ | માહે માર્ચ–૧૯૯૫ ની પગાર સ્લીપ | ૫ | ૫ |
| ૭ | ૨૦ | માહે એપ્રિલ–૧૯૯૫ ની પગાર સ્લીપ | ૨૮ | ૩૩ |
| ૮. | ૨૧ | માહે મે–૧૯૯૫ ની પગાર સ્લીપ | ૩૧ | ૬૪ |
| ૯. | ૨૨ | માહે નવેમ્બર–૧૯૯૫ ની પગાર સ્લીપ | ૩૦ | ૩૦ |
| ૧૦ | ૨૩ | માહે ડીસેમ્બર–૧૯૯૫ ની પગાર સ્લીપ | ૩૦ | ૬૦ |
| ૧૧ | ૨૪ | માહે જાન્યુઆરી–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૩ | ૮૩ |
| ૧૨ | | માહે ફેબ્રુઆરી–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૪ | ૧૦૭ |
| ૧૩ | ૨૫ | માહે માર્ચ–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૯ | ૧૩૬ |
| ૧૪ | ૨૬ | માહે એપ્રિલ–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૮ | ૧૬૪ |
| ૧૫ | ૨૭ | માહે મે–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૮ | ૧૯૨ |
| ૧૬ | ૨૮ | માહે જુન–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૮ | ૨૨૦ |
| ૧૭ | ૨૯ | માહે જુલાઈ–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૫ | ૨૪૫ |
| ૧૮ | ૩૦ | માહે ઓગષ્ટ્ર–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૮ | ૨૭૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | ૩૧ | માહે સપ્ટેમ્બર–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૮ | ૩૦૧ |
| ૨૦ | ૩૨ | માહે ઓકટોબર–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૮ | ૩૨૮ |
| ૨૧ | ૩૩ | માહે નવેમ્બર–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૬ | ૩૫૪ |
| ૨૨ | ૩૪ | માહે ડીસેમ્બર–૧૯૯૬ ની પગાર સ્લીપ | ૨૭ | ૩૮૧ |
| ૨૩ | ૩૫ | માહે જાન્યુઆરી–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૨૦ | ૪૦૧ |
| ૨૪ | ૩૬ | માહે ફેબ્રુઆરી–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૨૬ | ૪૨૭ |
| ૨૫ | ૩૭ | માહે માર્ચ–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૨૮ | ૪૫૫ |
| ૨૬ | ૩૮ | માહે એપ્રિલ–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૧૯ | ૪૭૪ |
| ૨૭ | ૩૯ | માહે મે–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૨૯ | ૫૦૩ |
| ૨૮ | ૪૦ | માહે જુન–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૨૭ | ૫૩૦ |
| ૨૯ | ૪૧ | માહે જુલાઈ–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૨૫ | ૫૫૫ |
| ૩૦ | ૪૨ | માહે ઓગષ્ટ્ર–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૨૨ | ૫૮૨ |
| ૩૧ | ૪૩ | માહે સપ્ટેમ્બર–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૨૨ | ૬૦૪ |
| ૩૨ | ૪૪ | માહે ઓકટોબર–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૨૭ | ૬૩૧ |
| ૩૩ | ૪૫ | માહે નવેમ્બર–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૨૫ | ૬૫૬ |
| ૩૩ | ૪૬ | માહે ડીસેમ્બર–૧૯૯૭ ની પગાર સ્લીપ | ૨૮ | ૬૮૪ |
| ૩૪ | ૪૭ | માહે નવેમ્બર–૨૦૧૪ થી નવા પગારની સ્લીપ | –– | –– |

(૭) બીજા પક્ષકારે આંક–૧૨ દસ્તાવેજો રજુ કરવાની અરજી રજુ કરેલ છે, જેનો પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૪૮ થી બીજા પક્ષકારની દસ્તાવેજો માંગતી અરજીનો જવાબ રજુ કરેલ છે. જેના અનુસંધાને મારા પુરોગામી ન્યાયાધીશ્રશ્રીએ આંક–૧૨ ની અરજી લગત સંસ્થાને અરજદાર નોકરીમાં દાખલ થયા ત્યારે સંસ્થામાં અરજદારની કેટેગરીની મંજુર થયેલ જગ્યા તથા ખાલી જગ્યાઓની વિગત રજુ કરવા, અથવા દસ્તાવેજોની ઉપલબ્ધતા અંગેનું સોગંદનામું રજુ કરવા તા.૨૦–૬–૨૦૧૬ ના રોજ હુકમ કરી બીજા પક્ષકારની આંક–૧૨ ની અરજી અંશત: મંજુર રાખેલ.

(૮) આ કામે બીજા પક્ષકાર સબંધીત કામદાર શ્રી કેદારભાઈ સોમાભાઈ રાઠોડે આંક–૬૫ થી તેઓનું મૌખિક જુબાનીના સ્વરૂપે સોગંદનામુ રજુ કરેલ છે, જેની ઉલટ તપાસ સંસ્થા તરફે તેઓના વિ.વ.શ્રીમતી પી.પી.ભટ્ટ્ર કરેલ છે.

(૯) આંક–૬૬ બીજા પક્ષકાર સંસ્થાએ તેઓનો મૌખિક પુરાવાનો હકક બંધ જાહેર

કરેલ છે. જયારે પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક-૬૯ થી પુરસીસ રજુ કરી તેઓની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**(૧૦)** પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાએ સી.એ.નં.૨૫૪૬/૨૦૧૮ અને અન્યએ કરેલ સી.એ.માં આપેલ ચુકાદાની નકલ રજુ થયેલ છે.

**(૧૧)** આ કામે પ્રથમ પક્ષકારે તેઓની મૌખિક દલીલો કરેલ છે જેમાં સંસ્થાની રજુઆત એવી છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ માન્યતા પ્રાપ્ત યુનીયનો સાથે થયેલ સમાધાનની જોગવાઈઓ મુજબ કામદારોને સમાધાન મુજબના હકકો અને લાભો પ્રથમ પક્ષકાર સંસ્થા ચુકવી આપે છે.પ્રથમ પક્ષકાર સંસ્થાની રજુઆત છે કે, સંસ્થામાં માન્યતા પ્રાપ્ત યુનીયનો સાથે તા.૨૩-૧૧-૮૪ ના સમાધાનની આઈટમ નં.૨૯ માં ત્રિસ્તરીય ધોરણે નિમણુંક આપવામાં આવે છે જેમાં (૧) બદલી કામદાર તરીકે (૨) બદલી કામદાર તરીકે એક વર્ષની નોકરી પુરી થયેથી રોજમદાર તરીકે અને (૩) રોજમદાર તરીકે કરેલ કામગીરીના ૨૪૦ દિવસ પુરા થયે કામગીરી/ વર્તણુંક લક્ષમાં લઈ ટાઈમ સ્કેલ ઉપર ખાલી જગ્યાની સામે નિમણુંક સદર સમાધાન બાદ યુનીયનો સાથે તા.૨૧-૨-૮૯ ના સમાધાનની કલમ-૨૦ માં કામદારોને ટાઈમ સ્કેલ ઉપર લેવા જોગવાઈ કરવામાં આવેલી છે અને સદર જોગવાઈમાં એવું નકકી કરવામાં આવેલ છે કે, કામદારે રોજમદાર તરીકે ૧૮૦ દિવસની કામગીરી પુરી કર્યેથી સંસ્થામાં મંજુર થયેલ જગ્યામાં ખાલી પડેલ ઉપલબ્ધ જગ્યાઓ સામે ટાઈમ સ્કેલ ઉપર લેવા, વધુમાં આવા કામદારોનો સીનીયોરીટી મુજબ પણ નંબર આવતો હોવો જરૂરી છે. આમ ત્રણેય હકીકતો નકકી થયેલ છે જેમાં (૧) રોજમદાર કામદારે ૧૮૦ દિવસની કામગીરી કરેલ હોવી જોઈએ. (૨) સંસ્થામાં કાયમી ખાલી જગ્યા ઉપલબ્ધ હોવી જોઈએ તથા (૩) સીનીયોરીટી મુજબ કામદારનો નંબર આવતો હોય તો જ તેને ટાઈમ સ્કેલ ઉપર લઈ શકાય. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતાં કામદારોને ટાઈમ સ્કેલ ઉપર લેવા

બાબતેના વિવાદો ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ ઉપસ્થિત થયેલા છે અને કેટલાક વિવાદોમાં ચુકાદાઓ પણ આવેલા છે. ઔદ્યોગિક ન્યાયપંચે આપેલ ચુકાદાઓ બાદ સદર ચુકાદાઓને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જુદી જુદી રીટ પીટીશનો તથા લેટર્સ પેટર્ન અપીલ દ્વારા પડકારવામાં આવેલ છે અને તેમાં નામદાર હાઈકોર્ટે કામદારોને ટાઈમ સ્કેલ ઉપર લેવાના વિવાદોના ચુકાદાઓ આપેલ છે અને જે પૈકી નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ એચ.સી.એ. નં.૧૦૯૭૭/૨૦૧૪ નો ચુકાદો આપેલ જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટે કામદારોને ટાઈમ સ્કેલ ઉપર લેતાં અગાઉ સમાધાન તા.૨૧–૧૨–૮૯ ની કલમ–૨૦ નું અર્થઘટન કરી અને જણાવેલ છે. વધુમાં રજુઆત છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે એચ.સી.એ. ના કેસમાં જે ત્રણ પેરામીટર નકકી કરેલ છે તે ત્રણ પેરામીટર પણ સદર કેસમાં બીજા પક્ષકાર દ્વારા પુરવાર કરવાની જવાબદારી સંપુર્ણપણે બીજા પક્ષકારની છે છતાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી તેથી હાલનો વિવાદ ઘણાં લાંબા સમય બાદ ઉપસ્થિત કરવામાં આવેલ છે અને તે ડીલે બાબતે કોઈ સચોટ કારણો પણ આપેલા નથી, આમ બીજા પક્ષકારનો આ વિવાદ ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં રદ થવાને પાત્ર છે.

**(૧૨)** પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓની દલીલોના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સર્વોચ્ચ અદાલતના નીચેના ચુકાદાઓ રજુ કરેલ છે.

૧) નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ એસ.સી.એ.નં.૧૦૯૭૪/૧૯૯૩ ના ચુકાદાની નકલ.

૨) નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ એસ.સી.એ.નં.૧૧૭૧૧/૦૨ ના ચુકાદાની નકલ.

૩) નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ એસ.સી.એ.નં.૧૦૯૦૮/૧૪ ના ચુકાદાની નકલ.

૪) નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ એસ.સી.એ.નં.૧૦૯૭૭/૧૪ ના ચુકાદાની નકલ.

૫) નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ એલ.પી.એ.નં.૧૦૨૧/૧૪ ના ચુકાદાની નકલ.

૬) નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ એસ.સી.એ.નં.૧૧૭૧૭/૧૪ ના ચુકાદાની નકલ.

૭) નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ એલ.પી.એ.નં.૧૧૮૫/૧૪ ના ચુકાદાની નકલ.

૮) નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ એલ.પી.એ.નં.૩૨૨/૧૬ ના ચુકાદાની નકલ.

૯) હરીયાણા સ્ટેટ કો.ઓ.લેન્ડ ડેવલોપમેન્ટ બેન્ક લી. વિરૂધ્ધ નિલમ, નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા, ૨૦૦૫ (૧૦) એલ.એલ.જે. પાના નં. ૧૧૫૩.

૧૦) નિડુગંડી બેન્ક લી. વિરૂધ્ધ કે.પી.માધવનકુટ્ટી, નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા, ૨૦૦૦(૧) એલ.એલ.જે. પાના નં.૫૬૧.

૧૧) સૌરાષ્ટ્ર એમ્પ્લોઈઝ યુનીયન વિરૂધ્ધ સબ ડીવીઝનલ ઓફીસર, નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૦ (૧૦) એલ.એલ.આર. પાના નં.૧૧૯૬.

૧૨) આસીસ્ટન્ટ એકઝીકયુટીવ એન્જીનીયર અને શ્રી શિવલીગા નામદાર સુપ્રિમ કોર્ટ, ૨૦૦૨ (૯૨) એફ.એલ.આર. પાના નં.૬૦૧.

૧૩) વર્કમેન ઓફ નીલગીરી કો.પો.એમ.કે.ટી. સોસાયટી લી. વિરૂધ્ધ સ્ટેટ ઓફ તામીલનાડુ, નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા, ૨૦૦૪ પેરા નં.૪૯.

૧૪) નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ એસ.સી.એ.નં.૧૩૧૨/૨૦૧૭ ના ચુકાદાની નકલ.

**(૧૩)** બીજા પક્ષકાર તરફે આંક–૭૦ થી તેઓના કેસના સમર્થનમાં લેખિત દલીલો રજુ કરેલ છે. બન્ને પક્ષકારોની દલીલોના અંતે મારી સમક્ષના કેસમાં બીજા પક્ષકાર સંબંધિત કામદાર તેઓની નોકરીના ૧૮૦ દિવસ પુરા થયેથી ટાઈમ સ્કેલના લાભો મેળવવા મોડેથી ટાઈમ સ્કેલ ઉપર લીધા તે વચ્ચેના સમય ગાળાના તફાવતની રકમ મેળવવા કાયદેસર હકકદાર થાય છે કે કેમ? તે જોઈએ તો, સૌ પ્રથમ બીજા પક્ષકારના હાલના રેફરન્સને ડીલે અને લેચીસનો બાધ નડે છે તેવી પ્રથમ પક્ષકારની રજુઆત તથા પ્રથમ પક્ષકાર ધ્વારા રજુ કરવામાં આવેલ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ઘ્યાને લેતાં હાલના કેસમાં ડીલે અને લેચીસના મુદ્દાનો બાધ નડે છે કે કેમ? તે સૌ પ્રથમ ચકાસવું જરૂરી છે. આથી

આ મુદ્દાને સૌ પ્રથમ ચકાસતાં બીજા પક્ષકારનો હાલનો વિવાદ સને ૨૦૧૪ માં ઉપસ્થિત કરવામાં આવેલ છે અને બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાં ઓકટોબર–૨૦૦૦ માં જોડાયેલ છે. સંસ્થા ધ્વારા બીજા પક્ષકારને વિલંબથી ટાઈમ સ્કેલ ઉપર લેવામાં આવેલ છે. આમ કેસની હકીકત જોતાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાં ઓકટોબર–૨૦૦૦ માં જોડાયા બાદ ૧૮૦ દિવસ પુરા થયેથી વિવાદ ઉપસ્થિત કરવાને બદલે આશરે ૧૪ વર્ષ જેટલા વિલંબ બાદ હાલનો રેફરન્સ ઉપસ્થિત કરેલ છે, આટલા લાંબા સમય બાદ વિલંબથી હાલનો રેફરન્સ ઉપસ્થિત કરવા અંગે કોઈ વ્યાજબી કારણ બીજા પક્ષકાર સંબંધિત કામદારે દર્શાવેલ નથી કે મોડેથી રેફરન્સ ઉપસ્થિત કરવા માટે પુરતા અને વ્યાજબી કારણો હતાં તેવી હકીકતો કોઈપણ રીતે પુરવાર કરેલ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ડીવીઝનલ કંટ્રોલર વિરૂધ્ધ એસ.ટી. કર્મચારી મંડળના સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૯૬૫૫/૨૦૧૬ તા.૧૫–૬–૧૭ ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા વિલંબથી વિવાદ ઉપસ્થિત કરવાની બાબતને ધ્યાને લઈને ઔધોગિક વિવાદ નકારેલ છે અને ઔધોગિક ન્યાયપંચનો હુકમ રદ કરેલ છે.

(૧૪) નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ પરમાર વિરૂધ્ધ ડીવીઝનલ કંટ્રોલર, એસ.ટી. કોર્પોરેશન એલ.પી.એ. નં.૧૧૮૫/૧૪ માં ઠરાવેલ છે કે,

Even otherwise, the question is required to be considered from another also. It is required to be noted and it is not in dispute that the concerned workmen claimed benefit of regular time scale w.e.f. 1998. However, till they raised an industrial dispute in the year 2012, no grievance was made at all by them. After a period of 14 years, for the first time, while raising demand, they raised a dispute and/or made grievance that they ought to have been granted regular

time-scale w.e.f. 1998. It is required to be noted that in the meantime, the respective workmen have been put in regular time-scale in the year 2008. The learned Tribunal passed an Award even granting regular time-scale w.e.f. 1998 with arrears by which there would be heavy financial burden on the management and therefore, by considering the issue involved in the present Appeals, the aforesaid aspect is also required to be confirmed.

In any case, for the reasons stated above, it cannot be said that the learned Single Judge has committed any error in quashing and setting aside the respective Award by the industrial Tribunal, Rajkot. We are in complete agreement with the view taken by the learned Single Judge.

In view of the above and for the reasons foretasted, all these Letters Patent Appeals fail and the same deserve to be dismissed and are accordingly dismissed.

It is also revealed that as per the aforesaid provision, the appellant workmen was accommodated on the post of helper from 17.11.2000 and thereafter accommodated on the post of Art-C from 22.2.2010. It is the case of the Corporation that as per the terms of appointment and relevant policy of the Corporation, the appellant workmen was not entitled to the time scale. In spite of that, the dispute was raised in 2012 after a delay of 12 years.

નામદાર સર્વોચ્ચ અદાલતે હરિયાણા સ્ટેટ કો.ઓપરેટીવ લેન્ડ ડેવલપમેન્ટ બેન્ક વિરૂધ્ધ નિલમ સી.એ. નં.૧૬૭૨/૨૦૦૨ માં ઠરાવેલ છે કે,

A typist appointed on ad hoc basis in the appellant- Bank,

succeeded before the High Court in her challenge of discontinuance of her service which endured for about 17 months. She obtained in consequence an order for her reinstatement with continuity of service. This order of the High Court was the subject of the present appeal. It was allowed mainly on the ground of delay on her part in raising the dispute. The Supreme Court observed the conduct of the respondent (typist) in approaching the Labour Court more than seven years after her losing the job was a relevant factor for which the Labour Court refused to grant any relief to her.

નામદાર સર્વોચ્ચ અદાલતે હરિયાણા સ્ટેટ કો.ઓપરેટીવ લેન્ડ ડેવલપમેન્ટ બેન્ક વિરૂઘ્ધ નિલમ સી.એ. નં.૧૬૭૨/૨૦૦૨ માં ઠરાવેલ છે કે,

The Supreme Court observed that (though) law did not prescribe any time limit for the appropriate Government to exercise its powers under Section-10 of the I.D. Act, 1947, it (Power) could not be exercised at any point of time - in this case, after 7 years - and to revive matters which.

નામદાર ગુજરાત હાઈકોર્ટે સૌરાષ્ટ્ર એમ્પ્લોઈઝ યુનીયન વિરૂઘ્ધ સબ ડીવીઝનલ ઓફીસર સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૯૯૦૨/૧૯૯૯ માં ઠરાવેલ છે કે,

The concerned authority had the power under Section 10 (1) of the I.D. Act to refuse to make a reference only on the ground inordinate delay of 10 years. Particularly where no justification for delay has either been substantiated or even offered.

આમ ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ ડીલે અને લેચીસના મુદ્દાને હું આદરપૂર્વક અનુસરૂં છું. આમ નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા વિલંબથી વિવાદ ઉપસ્થિત કરવા બાબતે ઉપરોકત જુદા જુદા

ચુકાદાઓમાં ઠરાવેલ કાયદાના સિધ્ધાંતો ધ્યાને લેતાં માત્ર વિલંબના કારણસર પણ બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી તેમ મારા ધ્વારા ઠરાવવામાં આવે છે.

**(૧૫)** આમ તો હાલનો રેફરન્સ વિલંબના કારણે જ રદબાતલ થાય છે તેથી બીજા કારણોસર રેફરન્સ ટકી શકે તેમ છે કે કેમ? તે જોવાની મારી દૃષ્ટિએ જરૂરીયાત રહેતી નથી પરંતુ એક તબકકે વિલંબના કારણને દરગુજર કરવામાં આવે અને હાલના રેફરન્સનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવામાં આવે તો તેવા સંજોગોમાં બીજા પક્ષકાર સંબંધિત કામદાર રેફરન્સની અનુસૂચિમાં માંગ્યા મુજબની દાદ ૧૮૦ દિવસની નોકરી પુરી કર્યાથી ટાઈમ સ્કેલના લાભો મેળવવા હકકદાર થાય છે કે કેમ? તે જોઈએ તો નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૧૦૯૭૭/૨૦૧૪ માં ઠરાવેલ છે કે,

Attention of this Court is also invited to para: 3 of the impugned award of the question is quoted by the Tribunal. It is submitted that, when the Badli Worker is appointed, after completion of 180 days his case is to be considered, to take him on the regular establishment, in seriatim, keeping in view the availability of regular posts. It is submitted that, thus there are three stipulations under the said policy. It is contended that, the impugned award of the Tribunal demonstrates that, out of these three stipulations, only one stipulation was taken as the fulfillment of the eligibility of the respondent workmen, and that is how there is misreading of the settlement by the Tribunal, which has led to passing of the impugned award, which be quashed and set aside.

નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિરૂધ્ધ

એસ.ટી. વર્કર્સ યુનીયન સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૦૯૭૪/૧૯૯૩ વીથ સીવીલ એપ્લીકેશન નં.૪૪૪૫/૧૯૯૮ અને સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૧૦૯૭૫/૧૯૯૩ વીથ સીવીલ એપ્લીકેશન નં.૪૪૪૬/૧૯૯૮ અને સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૦૯૭૬/૧૯૯૩ વીથ સીવીલ એપ્લીકેશન નં.૪૪૪૮/ ૧૯૯૮ માં ઠરાવેલ છે કે,

I am of the view that the delay in challenging the impugned judgment and award of the Tribunal has been satisfactorily explained by the averments and submissions made in paragraph 12 of the petitions. I agree that the Tribunal has manifestly erred in construing the aforesaid Clause 29 of the settlement dated 23rd November, 1984. The said Clause 29 specifically provided that a Badli worker would be appointed as daily wage employee on availability of vacant post and the daily wage employee would be absorbed in regular time-scale against the available vacant post. Thus, available of vacant post was a condition precedent before any Badli worker could claim appointment as daily wage employee or before any daily wage employee claimed absorption in regular time-scale. In the present case, the Tribunal has overlooked the requirement of the availability of vacant posts. The Tribunal has also erred in rejecting the plea of the Corporation that sufficient number of vacant posts were not available on a spacious presumption that over the years many employees must have retired or resigned from service or have died in harness. In absence of any evidence on record, the decision rendered on such presumption would become vulnerable. In my view, the Tribunal has also erred in

brushing of the contention with respect to Clause 87.7 of the Settlement. It is evident that such term was required to be included in the Settlement arrived at between the employer and the union of the employees has statutory force. Unless such settlement is granted stability/ continuity, demand raised every now and then contrary to the terms of settlement would impair smooth administration and would lead to industrial unrest/ chaos. In the present case, the demand made by the claimants was ex facie contrary to the aforesaid Clause 29 of the Settlement. Such claim, of accepted during the subsistence of the Settlement, would defeat the very purpose of the Settlement.

નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પેશીયલ સીવીલ એપ્લીકેશ નં.૧૧૭૧૧/૨૦૦૨ માં પણ ઉપરના ચુકાદા મુજબ ઠરાવેલ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટે ડીવીઝનલ કંટ્રોલર, ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, રાજકોટ વિરૂધ્ધ ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ પરમાર અને બીજા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૦૯૦૮/૨૦૧૪ માં ઠરાવેલ છે કે,

6.1 The petitioner Corporation and workers Union had entered into Settlement. Clause: 20 of the said settlement is relevant for this petition, which is quoted in Para : 3 of the impugned award of the Tribunal. It provides that, the case of a daily wager, shall be considered to take him on the regular time-scale, keeping in view the availability of confirmed vacant posts of the respective cadre. There is further stipulation that, the said consideration would be on the basis of the inter-se seniority of such daily wagers. Thus there are three fold stipulations under the said policy. The respondent

workman claimed benefit under the settlement. It was asserted by him that, he had completed 180 days in the year 1998 and therefore, he ought to have been granted such benefit in the year 1998 itself. This assertion was accepted by the Tribunal as it is. The final award is based on the finding recorded by the Tribunal in para:13 of the award, which is based on the misreading of the relevant clause of the settlement. The Tribunal has considered, as if there was only one stipulation in the said settlement, that as and when the concerned workman completes 180 days as daily wager, he is entitled to claim the regular time-scale. The Tribunal has recorded that, since the initial date a appointment of the respondent as a daily wager was 20.05.1998, on completion of 180 days counting from the said date, he is entitled to get the said benefit. This finding of the Tribunal is based on misreading of Clause: 20 of the settlement, since, out of the three stipulations, as noted above, it considered only one stipulation. Thus, two of the total three stipulations are not taken into consideration by the Tribunal, leading to perversity and illegality. For this reason, the impugned award needs to be set aside. ............Thus, the parameters i.e. completion if 180 days, availability of regular vacant posts, and inter-se seniority of such claimants, all these three parameters ought to have been taken into consideration by the Tribunal which it has not, in this case. The award of the Tribunal is thus, unsustainable.

નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિરૂધ્ધ મહેશભાઈ નવલશંકર પંડયા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૧૭૧૧/૨૦૧૪

વીથ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૫૧૬૬/૨૦૧૪ વીથ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૨૨૬૨/૨૦૧૩ માં ઠરાવેલ છે કે,

In this group of petitions, other learned advocates for the Union/ workman, (other than Mr. D. S. Vasavda, learned advocate) have taken altogether different line of argument. Learned advocates Mr. Mukesh Rathod, Mr. Prabhakar Upadhyay, Mr. Murli Devnani, Mr.Kishor M. Paul, Mr.P.P.Majmudar, Mr.Krutarth Pandya, Mr.Lopa Bhatt for Mr.Mahendra Trivedi and Mr.Mahendra Kp Patel have taken the line of argument that, true it is, that the concerned workman need to meet with all the three stipulations of the said clause-20 of the settlement i.e. (i) completion of 180 days as a daily wager, (ii) availability of confirmed vacant posts, and (iii) inter-se seniority of the concerned workman, however all these conditions are satisfied in the case of these workman. it is submitted that, so far the first stipulation with regard to completion of 180 days service is concerned, the same is not in dispute. It is submitted so far other two aspects i.e. availability of confirmed vacant posts, and inter-se seniority are confirmed, these are the aspects for which the Management should have pointed out that there were no confirmed vacant posts, and further that had the benefit been granted to these workman, it would have violated inter-se seniority. It is submitted that, the Management failed to do so, and thus resultantly all the three conditions Stood satisfied. It is submitted that, it is under these circumstances, that this Court may not interfere in the relief granted by the Tribunal,

નામદાર વડી અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત મુજબ નકકી કરેલ ત્રણ પેરામીટર પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકાર સંબંધિત કામદારની છે જે ત્રણ પેરામીટર (૧) ૧૮૦ દિવસની નોકરી પુર્ણ કરેલ હોય અને તેના ધ્વારા વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ હોય. (૨) સદર કામદારનું પસંદગી યાદીમાં નામ હોવું જોઈએ તથા (૩) કામદારે કાયમી મંજુર થયેલ ખાલી જગ્યા ઉપર કામગીરી કરેલ હોય, આ ત્રણેય પેરામીટર બીજા પક્ષકાર સંબંધિત કામદારે પુરવાર કરેલ હોવા જોઈએ. માત્ર ૧૮૦ દિવસની નોકરી પૂર્ણ થયેથી બીજા પક્ષકાર સંબંધિત કામદાર આપોઆપ ટાઈમ સ્કેલના લાભ મેળવવા હકકદાર ઠરતાં નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટે સીવીલ એપ્લીકેશન નં. ૧૦૯૦૮/૨૦૧૪ તથાસ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૩૧૨/૨૦૧૭ માં પણ ઉપરોકત ત્રણ બાબતો પુરવાર કરવાની જવાબદારી જે તે કામદારની છે તેમ ઠરાવેલ છે.

વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે સી.એ.નં.૨૫૪૬/૨૦૧૮ માં શ્રી ભુપેન્દ્રકુમાર કાછીયા પટેલ વિ. ડીવીઝનલ કન્ટ્રોલર, જી.એસ.આર.ટી.સી., નડીયાદના ચુકાદામાં ઠરાવેલ છે કે,

In our considered opinion there in the light of what we have held above, there is no basis for the appellants (employees) to claim the aforesaid benefit from the date of their initial appointment as "Badali Kamdar" indeed, there is neither any factual foundation nor any legal foundation to claim such benefit.

Learned counsel for the appellants was also not able to show any document, such as any term/condition in the appointment letter or in the settlement or any Rule/Regulation framed by the Corporation recognizing such right in appellants favour to enable themto claim such benefit from the date of their initial appointment.

Clause 20 of the Settlement is the only clause which recognizes

the appellant's right for consideration of his case on individual basis and to grant him the benefit subject to his fulfilling conditions specified therein which, in appellant's case, were found satisfied and accordingly, he was granted the benefit along with each such employees.

It is pertinent to mention that the appellants neither challenged the settlement nor its applicability. In other words, the legality or/and binding nature settlement dated 21.12.1989 was never questioned in these proceedings. In this view of the matter, the settlement is binding on both parties in terms of Section 18 of the Act.

The concept of "Badli Kamdar" is statutorily recognized under the Act. Explanation to Section 25C defines the term "Badli Kamdar". The appellant never questioned his status as "Badli Kamdar", which he enjoyed for few years in the service of Corporation, he got the benefit of absorption in permanent case.

So far as the reliance placed by the learned counsel for the appellants on some previous judicial orders are concerned, in our view, they are of no help to the appellants inasmuch as those orders turned on the facts involved in the case and secondly, we find that in those cases, parties did not even lead any evidence(see Para-3 of the order dates 27.01.2000 passed in SCA No. 393/2000 pade 45 of Paper Book), and lastly, one case was based on clause 49 pf 1956 settlement and clause 19 of 1985 settlement.

In substance, in our view, those orders did not directly deal with the issues, which are the subject matter of these appeals and, even if, they deal with the issue in question, as urged by the learned counsel, then also, in our view, those cases turned on their own facts.

In this view of the matter,those orders were rightly not relied on by the High Court and we find no good ground to take different view and

accordingly reject this submission.

**(૧૬)** નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ કાયદાના સિધ્ધાંતો હાલના કેસની હકીકતોને સંપુર્ણપણે લાગુ પડતાં હોઈ તેમજ તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સી.એ.નં.૨૫૪૬/૨૦૧૮ ના ચુકાદાઓમાં નકકી કરેલ સિધ્ધાંતોને આદરપૂર્વક ધ્યાને લેતાં બીજા પક્ષકાર સંબંધિત કામદાર ૧૮૦ દિવસની નોકરી પુર્ણ થયેથી ટાઈમ સ્કેલના લાભો મેળવવા હકકદાર થાય છે તેવી હકીકત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. આમ ઉપરોકત બન્ને કારણોસર બીજા પક્ષકાર સંબંધિત કામદારનો હાલનો રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ ના હોઈ બીજા પક્ષકાર સંબંધિત કામદાર રેફરન્સમાં માંગ્યા મુજબની કોઈપણ પ્રકારની દાદ મેળવવા કાયદેસર રીતે હકકદાર થતાં નથી તેમ ઠરાવવામાં આવે છે અને આ કામમાં નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**-: <u>આખરી હુકમ</u> :-**

૧. બીજા પક્ષકાર સંબંધિત કામદારશ્રી કેદારભાઈ સોમાભાઈ રાઠોડનો રેફરન્સ(આઈ.ટી.) નં. ૨૮૪/૨૦૧૪ આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તા.૦૪-૦૮-૨૦૧૮
સ્થળ: અમદાવાદ

**(ભદ્રેશ નાનાલાલ પરમાર)**
જજ કોડ : જીજે ૦૦૭૨
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ,
અમદાવાદ

એમ.એમ.મુકરદમ,પી.એસ.